૮\

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ અને બાળ કલ્યાણ હેઠળ કામ કરતી સંસ્થાઓના અંતેવાસીઓના માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૧,૫૦૦/-થી વધારીને રૂ.૨,૧૬૦/-કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વનપ/૧૦૨૦૧૭/૭૯૦૬૯/નબા/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૬/૧૧/૨૦૧૯.

<u>વંચાણે લીધાઃ</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૨/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ વનપ/૧૦૨૦૧૭/૭૯૦૬૯/નબા/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૯/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/અપગ/૧૯-૨૦/૪૨૯

<u>પ્રસ્તાવનાઃ</u>

આમુખમાં દર્શાવેલ તા.૨૨-૫-૨૦૧૭ના ઠરાવ અનુસાર સમાજ સુરક્ષા હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ (સહાયક અનુદાન મેળવતી) જૂવેનાઇલ જસ્ટીસ એક્ટ હેઠળ કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો, વિકલાંગ ક્ષેત્રની સંસ્થાઓના અંતેવાસીઓને માસિક નિભાવ ખર્ચ રૂપિયા ૧,૫૦૦ (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) ચૂકવવામા આવે છે.

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૫-૧૦-૨૦૧૯ના રોજ યોજાયેલ "મોકળા મને કાર્યક્રમ" અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રીએ સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રની ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે કાર્યરત નિવાસી ૧૩૨ દિવ્યાંગ સંસ્થાઓના ૧૦,૦૨૫ અંતેવાસીઓ તેમજ બાળ કલ્યાણ ક્ષેત્રના ચિલ્ડ્રન હોમના ૫૪ સંસ્થાઓના ૧,૬૫૪ અંતેવાસીઓ માટે હાલની નિભાવ ગ્રાન્ટ રૂ. ૧,૫૦૦/- થી વધારી રૂ. ૨,૧૬૦/- અંતેવાસી દીઠ તા. ૦૧/૧૧/૨૦૧૯થી મંજૂર કરવાની જાહેરાત કરેલ, જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ-(૨)ના પત્રથી કરેલ દરખાસ્ત અનુસાર સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ અને બાળ કલ્યાણ હેઠળ કામ કરતી

સંસ્થાઓના અંતેવાસીઓના માસિક નિભાવ ખર્ચ રૂ. ૧,૫૦૦/-થી વધારીને રૂ.૨,૧૬૦/- કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ અને બાળ કલ્યાણ હેઠળ કામ કરતી સંસ્થાઓના અંતેવાસીઓના માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૧,૫૦૦/-થી વધારીને રૂ.૨,૧૬૦/-(રૂપિયા બે હજાર એકસો સાઇઠ પૂરા) કરવાની આથી નીચે મુજબની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

૧. આ વધારો તા. ૦૧/૧૧/૨૦૧૯થી અમલી કરવાનો રહેશે.

૨. તા.૦૧/૧૧/૨૦૧૯થી લાગુ થનાર આ વધારો વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રની મંજૂરી બાદ અમલી થતો હોઇ વધારાના ખર્ચ માટે પૂરક માંગણીના માધ્યમથી વિધાનસભાની મંજૂરી મેળવી લેવાની રહેશે..

૩. આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રના માંગણી ક્રમાંકઃ ૯૨ ૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૦૬/૧૧/૨૦૧૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.સી.પટેલ)
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ..જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ(મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સર્વે મામલતદારશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વેબસાઈટમાં છ-શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવા સારૂ.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સિલેકટ ફાઈલ